શ્રી રામચંદ્ર મિશન®
અંગત પ્રકાશન માટે જ

ECHOES
INDIA

માર્ચ 2013 વર્ષ 6 અંક 2

# ગુરુજીનો અહેવાલ



## જાન્યુઆરી 2013

ગુરુજી 'ગાયત્રી'માં રહે છે અને તેમના રોજીંદા નિત્યક્રમનું પાલન કરે છે. મોટેભાગે હંમેશા સાંજનો સત્સંગ થતો જેનું સંચાલન ઘણી કેટલીકવાર ગુરુજી કરતા હતા, પણ ક્યારેક તેઓ કોઈ પ્રશિક્ષકને પણ સત્સંગનું સંચાલન કરવા કહેતા.

4થી જાન્યુઆરીએ તેઓ એક ચલચિત્ર નીહાળતા હતા ને તે રાત્રે 11;30 સુધી ચાલ્યું, અને તેઓ સૂવાના મિજાજમાં ના હતા. દરેકને પછીથી ખ્યાલ આવ્યો કે તેઓ તેમની પૌત્રી માધુરીના યુ.કે. પહોંચવાની પ્રતિક્ષા કરતા હતા. ગુરુજી તેણીની સાથે રાત્રે 12;30 કલાકે વાત કર્યા પછી સૂતા.

ગુરુજીએ પોતાના ઈ-મેઈલ્સ જોવાનું ફરીથી શરું કર્યુ છે. કેટલાક એવા દિવસો છે જેમાં તેઓ તેની ઉપર લગભગ બે કલાક કામ કરતા હોય છે. તેમણે 'જંગલમાં 60 વર્ષો' એ ત્રણ ભાગ વાળુ બી. બી. સી.નું દસ્તાવેજી ચલચિત્ર નીહાળ્યું અને તેને ખરેખર માણ્યું. એક દિવસ, ગુરુજી બપોરના ભોજનના સમયે લગ્ન વિના સ્ત્રી અને પુરુષના સાથે રહેવાના અને બાળકો હોવા છતાં પણ પછીથી લગ્નજીવન સાથે વફાદાર નહીં રહી શકવાના મુદ્દા ઉપર વાત કરી રહ્યા હતા. તેમણે આની સરખામણી ફળોને ખરીદ્યા પહેલા ખાવાની સાથે કરી. તેમણે આ બાબત ભારતમાં પણ હવે સામાન્ય બની રહી હોવાનો ઉલ્લેખ કર્યો.

બુધવારે; 9મી જાન્યુઆરીના રોજ, ગુરુજીએ સવારના 9:00કલાકના સત્સંગનું અને લગ્નોની વિધિનું સંચાલન કરવા માટે આશ્રમ જવા માટેનું આયોજન કર્યું હતું. પણ તેમની તબીયત ઠીક ના હોવાને કારણે, ભાઈ કમલેશે સત્સંગનું અને લગ્નોની વિધિનું સંચાલન કર્યુ

ગુરુજી ટીવી ધારાવાહિક 'ચાણક્ય' નીહાળી રહ્યા છે અને તેઓ કહેતા હતા કે તેઓ ચાણક્ય વિષે વિશેષ જાણતા નથી, પણ તે રાજકારણમાં ઘણો નિપૂણ હોવા છતાં તેના બધા પ્રયાસો બદલાની ભાવનાથી ભરેલા હતા અને બદલાની ભાવના રાખવી તે સારું નથી.

## જાન્યુઆરી, 14, 2013,–પોન્ગલ

ગુરુજી ઘણા વહેલા તૈયાર થઈ ગયા અને તેઓ ગાયત્રીમાં બહાર બેઠા હતા અને તેમણે ઠંડા ભેજવાળા વાતાવરણને અનુભવ્યું અને તેમણે ટીપ્પણી કરી કે આ સમયે તો ચેન્નાઈમાં શિયાળો પૂરો થઈ જતો હોય છે. ગુરુજી આશ્રમ પહોંચ્યા અને નવી દ્રશ્ય-શ્રાવ્ય તથા આઈ.ટી સુવિધાઓની ઓચિંતિ મુલાકાત લીધી. ત્યાં તેમના વકતવ્યનું ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું, જેને સત્સંગ પછી ધ્યાનખંડમાં વગાડવામાં આવ્યું હતું.

ગુરુજી 1 કલાક 10 મિનીટ લાંબા સત્સંગનું સંચાલન કર્યું. તે સંપૂર્ણપણે તલ્લીન કરી નાખનારું સત્ર હતું જેના પછી, કોઈ પણ ગુરુજીને દૈદિપ્યમાન જોઈ શકતું હતું. પછી ગુરુજી કુટીરના નવીનીકરણના પ્રયત્નોનું નિરીક્ષણ કરવા ગયા. બપોરના ભોજન બાદ તેઓ ગાયત્રી જવા રવાના થયા.

આ દિવસે ગાયત્રીને પણ પચાસ વર્ષ પુરા થયા અને ગાયત્રી ખાતે ગણેશ કુમારેશ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુજીએ બધા ગીતોને માણ્યા અને કહ્યું કે આ તેમને માટે ઘણી યાદગાર ઘટના બની રહી છે. તેઓએ એક સંપૂર્ણ યજમાનની જવાબદારી નીભાવી અને બધા મહેમાનોને રાત્રી ભોજન કરીને જવા માટે વિનંતિ કરી અને તેઓ બધાએ ભોજન પૂર્ણ કર્યું ત્યાં સુધી પ્રતિક્ષા કરી.










ગુરુજીએ મોટા ભાગે ઈસ્તંબુલમાં શૂટ થયેલા ચલચિત્રને નીહાળ્યું, અને કોઈ સમજી શકે તેમ હતું કે તેઓ તે શહેર ઉપર કામ કરી રહ્યા હતા. પછીના દિવસે, ઈસ્તંબુલમાંથી એક પરિવાર આવ્યો અને ટર્કીમાં મિશનના વિકાસ વિષે તેમને વાત કરી. તેઓ તસવીરો લાવ્યા હતા અને ગુરુજીએ તેને આતુરતાથી રસપૂર્વક નિહાળતા હતા અને આગલે દિવસે તેમણે જોયેલા ચલચિત્ર સાથે સરખાવતા હતા.

ત્રીચી જવાના થોડા દિવસો પહેલા ગુરુજીએ વિનંતિ કરી હતી કે કોઈ પણ મુલાકાતીઓ ગાયત્રી ખાતે આવે નહીં, જેથી તેમને મુસાફરી પહેલા પૂરતો આરામ મળી રહે. યુરોપથી 200 જેટલા અભ્યાસીઓ ગુરુજીને મળીને'' શિર્ષક ધરાવતા પરિસંવાદ માટે મણાપાક્કમ આવવાના હોવાથી, તેમનું ત્રીચી જવાનું આયોજન મુલતવી રહ્યું. રવિવારે તેઓ આશ્રમ ગયા અને સત્સંગનું સંચાલન કર્યું અને ઉપરાંત સોમવારે પરિસંવાદનું ઉદઘાટન કર્યું. તેઓ મંગળવારે સવારની ઉડાન દ્વારા ત્રીચી જવા રવાના થયા.

## ત્રીચી ખાતે

ગુરુજીની મુલાકાતની જાહેરાતે ત્રીચીને હર્ષોલ્લાસના ભાવાવેશમાં ઘેરી લીધું. પ્રશિક્ષકો માટે પરિસંવાદ 21થી 25મી જાન્યુઆરી દરમ્યાન ત્રીચી આશ્રમ ખાતે નિશ્ચિત થયેલું હતું. આશ્રમના નાના પરિસરમાં, ભારતભરમાંથી અને વિદેશથી આવેલા એંસી સહભાગીઓને આવકાર આપ્યો. ગુરુજી ત્રીચી 22મીએ પહોંચ્યા અને 23મીએ સત્સંગનું સંચાલન કર્યું. તેઓ પ્રશિક્ષકના કાર્ય ઉપર અને સીટીંગ કેવી રીતે આપવું તેની ઉપર બોલ્યા. 26મીએ સત્સંગ બાદ, તેઓ ભાઈચારા ઉપર, એખલાસમાં રહેવા ઉપર અને ધ્યાન માટેના સમયની તાકીદ ઉપર પ્રવચન આપ્યું.

27મીએ લગભગ 1500 અભ્યાસીઓએ ગુરુજી દ્વારા સંચલિત સત્સંગમાં હાજરી આપી.



## થંજાવુર ખાતે એક ખાસ દિવસ

થંજાવુર કેન્દ્રના અભ્યાસીઓએ 38.87 એકર જમીનનું સંપાદન કર્યું છે જેમાની 21.57 એકર જમીનની નોંધણી, મીશન માટે કરવામાં આવી છે અને બાકીની જમીન આભ્યાસીઓના મકાનના પ્લોટ માટે ફાળવવામાં આવી છે. ધ્યાન માટે હંગામી માળખુ, ગુરુજીની કુટીર , રસોડું, નાની ડોરમેટરી અને બાથરૂમ તથા શૌચાલયના બાંધકામ માટે કરવામાં આવ્યા છે. ગુરુજી કેટલાક સમયથી કેન્દ્રની મુલાકાત માટે ઘણા આતુર હતા પણ તેમની માંદગીને કારણે તેમની ઉપર લદાયેલા મુસાફરી ઉપરના બંધનોને હિસાબે તેઓ મુલાકાત લઈ શક્યા ના હતા.




હવે તેઓ 30મી જાન્યુઆરીના રોજ ત્રીચીથી સવારે આશરે 8:20 કલાકે આવી પહોંચ્યા અને તેઓ પ્રફુલ્લિત હતા. જે ક્ષણે તેઓએ થંજાવુર આશ્રમમાં પગ મૂક્યો, તે ક્ષણથી તેમણે પોતાના બાળપણના પ્રસંગોને અને તેમના પૂર્વજોના કુટુંબની ઘટનાઓને યાદ કરવાના શરૂ કરી દીધા. નાસ્તા બાદ, તેઓ ધ્યાનખંડ તરફ ચાલીને ગયા અને સત્સંગનું સંચાલન કર્યું જે આશરે 50 મિનીટ ચાલ્યો. ભાઈ લિંગુસામી, (પ્રખ્યાત ફિલ્મ નિર્દેશક) તામિલમાં બોલ્યા અને જણાવ્યું કે સહજ માર્ગે ફીલ્મી ઉદ્યોગના તણાવભર્યા વાતાવરણમાં પણ તેમાના જીવનને કેવી રીતે સંતુલિત કરવામાં મદદ કરી છે.

પછી, ગુરુજી તામિલમાં બોલ્યા. તેમણે કહ્યું કે તેમની માંદગીએ આપણને બાબુજી મહારાજ તરફથી સંદેશાઓ મેળવવામાં આશિર્વાદ પ્રાપ્ત કર્યા છે. (દિવ્ય જગતના







સંદેશાઓ) જેમણે, જેઓ તેમને દરરોજ વાચે છે તેમને ફાયદો થયો છે.

જ્યારે ગુરુજીએ તેમની કુટીરથી ધ્યાનખંડ સુધી અને સત્સંગ અને પ્રવચન બાદ તેમની કુટીર સુધી પાછા જવા ચાલતા જવાનું નક્કી કર્યું, ત્યારે તેમણે સુખદ આશ્ચર્ય આપ્યું, આરામ કરવાને બદલે, તેઓ બહાર બેઠા અને અભ્યાસીઓ સાથે બીજો દોઢ કલાક વાતચીત કરી. પહેલાના દિવસોની જેમ સવાલોના ઉત્તર આપ્યા, નાની છોકરીએ ગાયેલા થોડા ગીતો સાંભળ્યા અને થોડા અભ્યાસીઓ પાસેથી ભેટો સ્વીકારી. આ સત્ર એટલા લાંબા સમય સુધી ચાલ્યું કે છેવટે અભ્યાસીઓએ તેમને આરામ કરવા માટે વિનંતિ કરવી પડી.

તેમના મુકામ દરમ્યાન, ગુરુજીએ જમીનના રેખાચિત્રો તપાસ્યા અને તેમાં ધ્યાનખંડની જગ્યા નિશ્ચિત કરી, અને ત્રીચી જતા પહેલાં, બપોરના ભોજન તથા થોડા સ્વયંસેવકોને મળ્યા પછી, બપોરે આશરે 2:30 કલાકે આશ્રમની જમીનમાં આંટો માર્યો. તેમની મુલાકાત બાદ, મોટા ભાગના અભ્યાસીઓએ આનંદનું વાતાવરણ અનુભવ્યું

## શનિવાર, ફેબ્રુઆરી 2, 2013

લાલાજી મહારાજની જન્મ જયંતિના દિવસે, ગુરુજી સત્સંગનું સંચાલન કરવાને માટે આશ્રમ આવ્યા. મુખ્ય પ્રવેશ દ્વારથી ધ્યાનખંડ સુધીના આખા રસ્તા ઉપર તેમણે દરેકનું અભિવાદન કર્યું અને ત્યારે બાદ સત્સંગનું સંચાલન કર્યું જેમાં હજાર કરતા વધારે અભ્યાસીઓ સત્સંગમાં હાજર રહ્યા. ગુરુજીએ બે લગ્નો સંપન્ન કર્યા અને પછી એક નવો વ્હિસ્પર્સ સંદેશો ભાઈ પી. આર. ક્રિષ્ણાએ અંગ્રેજીમાં વાચ્યો. તે જ સંદેશાને રશીયન અને ફ્રેન્ચ ભાષામાં પણ વાચવામાં આવ્યો. તે સંદેશો



જે ભાષામાં અસલ આવ્યો હતો તે વિષે બોલતા ગુરુજીએ કહ્યું કે જ્યાં સુધી કોઈ આવૃત્તિ સાથે લયવસ્થામાં રહે છે ત્યાં સુધી તે સંદેશો કોઈ પણ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે અને જે સંદેશો તે પ્રાપ્ત કરે છે છે તે હૃદયની ભાષામાં હોય છે. આ સંદેશો આપણા ગુરુજીની જન્મ જયંતિઓના ખાસ પ્રસંગની અગત્યતા અને તેની અભ્યાસીઓ ઉપર થતી અસર ઉપર ભાર મૂકે છે.

ગુરુજીએ સૌ પ્રથમ ''સત્યનો ઉદય''ની વીડીઓ સીડી પ્રકાશિત કરી. ત્યાર બાદ ગુરુજી જાનકી ફાર્મ ખાતે ગયા.

તેમની કુટીરમાં પહોંચ્યા બાદ, ગુરુજી તે દિવસના સત્સંગની વાત કરી રહ્યા હતા અને તેમણે કહ્યું, ''આજનું સીટીંગ એકદમ ખાસ હતું. કોઈ પણ, ગુરુજી જ્યારે આ વાત કહી રહ્યા હતા ત્યારે તેમને પ્રફુલ્લિત થતા જોઈ શકતું હતું.

સાંજે ભાઈ કમલેશે વિદેશી અભ્યાસીઓને ભાઈ શશાંકના વાંસળી વાદનના સંગિત જલસામાં આવવાને માટે અને જાનકી ફાર્મ ખાતે રાત્રી ભોજન લેવાને માટે આમંત્રિત કર્યા. 100 કરતા વધારે અભ્યાસીઓનું જૂથ હાજર હતું ગુરુજી થોડા થાકી ગયા હોવાથી, તેઓ પોતાના શયન કક્ષમાં રહ્યા અને 90 મિનીટ લાંબા ચિત્તાર્ષક સંગીત પ્રદર્શનને સાંભળ્યું. સંગીત જલસા બાદ, ગુરુજી સંગીતકારોને મળ્યા અને તેમની સાથે થોડો સમય વાતચીત કરી.

3જી ફેબ્રુઆરી, રવિવારના રોજ, ગુરુજીએ ટુંકા સત્સગનું સંચાલન કર્યું અને તેઓ થાકી ગયા હોવાથી તેમણે કહ્યું કે હવે તેઓ પ્રવચન કરી શકશે નહીં. પણ જ્યારે તેમને કહેવામાં આવ્યું કે યુરોપના અભ્યાસીઓ માત્ર એક દિવસ માટે મણાપાક્કમથી આવેલા છે ત્યારે તેમણે બધાને જાનકી ફાર્મ ખાતે બપોરના ભોજન માટે આમંત્રિત કર્યા અને ઘણાંની આંખોમાં આંસુ ભરાઈ આવ્યા. ગુરુજીએ હંમેશ મુજબ, તેઓ સમયસર પાછા ફરે તેની ખાતરી કરવાની ચીવટ રાખી.

ગુરુજીની તબીયત થોડી નરમ હતી અને સાંજ પડતા તેમને થોડી સારવાર આપવામાં આવી. ગુરુજી ફરીથી દર્દ અને પીડા વિષે અને દરેકે તેઓને હસતા મોંઢે સ્વીકારવા જોઈએ તે વિષે વાત કરી રહ્યા હતા. કોઈ દેખીતી રીતે જોઈ શકતું હતું કે તેઓ પીડામાં હતા છતાં તેઓ જ્યારે આ કહ્યું ત્યારે મુસ્કરાતા હતા.

રવિવાર પછી, ત્રીચીનો આશ્રમ તદ્દન ખાલી હતો. આશરે ચાળીસ રશીયન અભ્યાસીઓ આવ્યા હતા અને પૂજ્ય ગુરુજીએ તેમને તેમની કુટીરમાં બોલાવ્યા, સત્સંગ કરાવ્યો અને તેમની સાથે થોડો સમય વિતાવ્યો.



ચીન અને તુર્કીથી થોડા અભ્યાસીઓ આવ્યા હતા તેઓ પણ પૂજ્ય ગુરુજી સાથે બેઠા, તે સમયે પૂજ્ય ગુરુજી તડકો ખાવા બેઠા હતા. પણ જ્યારે સૂર્યનો તાપ ખૂબ વધી ગયો ત્યારે પૂજ્ય ગુરુજી તેમના વરંડાના હીંચકે બેઠા. તેઓ થોડા થાકેલા લાગતા હતા કારણકે તેઓ ઘણા સમયથી બેઠેલા હતા, ધ્યાનની બેઠકો (સિટિંગ) પણ ઘણી કરાવી હતી અને બધાની સાથે વાતો પણ ખૂબ કરેલી હતી. ડોક્ટર તેમને આરામ કરવાની વિનંતી કરતા હતા. તેવામાં તેમણે બાબુજી મહારાજ વિષે બોલવાનું ચાલુ કર્યું અને દરેક વ્યક્તિ જોઈ શકતી હતી કે તેમનામાં અચાનક કેવી શક્તિનો સંચાર થયો હતો. પૂજ્ય ગુરુજીને વાત કરતા સાંભળવા, એ ત્યાં બેઠેલા સૌ માટે એક ઉત્તમ લહાવો હતો. પૂજ્ય ગુરુજીએ જે કહ્યું તેમાંથી થોડીક વાતો ટૂંકમાં અહીં જણાવીએ છીએ. "ઈશ્વર ભેટ અને કેટલીક મુસીબતો આપણને એકસાથે આપે છે. આપણું કાર્ય એ છે કે ભેટોનો ઉપયોગ કરીને મુસીબતો પાર કરવી. પ્રગતિશીલ વિચારો ધરાવતા મનનું આગવું લક્ષણ એ છે કે તે સમયથી અગાઉ નથી વિચારતું. તે વર્તમાન સમયને ધ્યાનમાં લઈને જ કાર્યશીલ થતું હોય છે. શિક્ષિત અને બુદ્ધિજીવી મન જ સમયની પહેલા વિચારે છે અને આયોજનો વગેરે કરે છે."

સાંજ પડવા સુધીમાં પૂજ્ય ગુરુજી થોડા થાકેલા અને દર્દમાં જણાતા હતા અને તેમને થોડીક સારવાર પણ લેવાની હતી. સાંજના ભોજન પછી, યુરોપના કેટલાક અભ્યાસીઓ પાછા જઈ રહ્યા હતા, તેમને મળવાની પૂજ્ય ગુરુજીએ સંમતિ આપી. તેઓ સૌ જ્યારે અંદર આવ્યા ત્યારે લગભગ બધાંની આંખોમાં આંસુ હતા અને પૂજ્ય ગુરુજીની હાજરી માત્રથી જ તેમનો ઉધ્ધાર થઈ ગયો હોય, તેવું લાગતું હતું. એક વૃધ્ધ સ્ત્રીએ પોતાની પૌત્રીએ પાઠવેલી શુભેચ્છા વ્યક્ત કરી, તો પૂજ્ય ગુરુજીએ તેની પૌત્રી માટે ભેટ આપી હતી. આથી તે વૃધ્ધા ખૂબજ ગદગદિત થઈ ગયેલા અને આંસુ સાથે તેણી બહાર નીકળી અને તેવી જ રીતે બીજા બધા પણ બહાર નીકળ્યા, ત્યારે તેમના આંખમાં આંસુ હતાં. પૂજ્ય ગુરુજીનો આ પ્રકારનો પ્રેમ, આવો સદ્‌વ્યવહાર અને નમ્રતાનું આપણે સૌએ અનુકરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પૂજ્ય ગુરુજીએ, માંદગીએ ઊથલો મારવાથી, તેમણે એક દિવસ વહેલા ચેન્નાઈ જવાનું નક્કી કર્યું. તેઓ મંગળવારે સવારે 11 વાગ્યે ત્રીચીથી રોડ-માર્ગે નીકળ્યા અને રસ્તામાં વિલ્લુપુરમ રોકાયા હતા.

વિલ્લુપુરમ કેન્દ્રના અભ્યાસીઓને પૂજ્ય ગુરુજીના પ્રવાસની અગાઉથી માહિતી આપવામાં આવેલી અને તેમણે પૂજ્ય ગુરુજીને સત્કારવાની સંપૂર્ણ તૈયારી કરી હતી. પૂજ્ય ગુરુજી 12.30 વાગ્યે પધાર્યા હતા. તેઓ એ 30 મિનિટ્નો સત્સંગ કરાવ્યો, અભ્યાસીઓ સાથે વાતચીત કરી અને સવારનું ભોજન પણ લીધું. તેમણે આશ્રમને 'તપો નીદી' નામ આપ્યું. તેઓ આશરે 3 વાગ્યે ચેન્નાઈ માટે રવાના થયા.

ચેન્નાઈ પહોંચીને તરત જ પૂજ્ય ગુરુજી સીધા જ તેમની તબીબી તપાસ અર્થે ગયા અને લાંબી અને થકાવટ ભરેલી યાત્રાને કારણે તેઓ વહેલા આરામ કરવા ગયા.

ગાયત્રીમાં એક દિવસે બપોરે, પૂજ્ય ગુરુજી, યુરોપથી આવેલા કેટલાંક યુવાન અભ્યાસીઓ સાથે વાતચીત કરી હતી કે જેઓ સહજ માર્ગમાં ઘણા સમયથી અભ્યાસી હતા. તેમણે બધાને એક સફરજન આપ્યું અને કહ્યું કે એકવાર બાબુજીએ તેમને થોડા દિવસના ઉપવાસ કરવાનું કહ્યું હતું અને તે પછી તેમને એક સફરજન આપ્યું હતું. પૂજ્ય ગુરુજી છરી શોધી રહ્યા હતા એટલે બાબુજીએ પૂછ્યું કે તારે કેમ છરીની જરૂર છે? એટલે પૂજ્ય ગુરુજીએ કહ્યું કે તેને કાપીને બધા વચ્ચે વહેંચી શકાય. બાબુજી એ કહ્યું કે "મને ખબર છે કે તે દરેકને કેવી રીતે આપી શકાય. આ મેં તારા માટે જ આપ્યું છે કે જેથી તું ખાઈ શકે." તે દ્વારા પૂજ્ય ગુરુજીએ બધાંને સંદેશો આપ્યો કે તે સફરજન વહેંચીને ખાવા માટે નથી પણ દરેકે પોતે જ ખાવા માટે છે.

## રશિયા અને સાઉથ આફ્રિકાના અભ્યાસીઓનો સેમિનાર



સળંગ ત્રીજા વર્ષે રશિયનભાષી અભ્યાસીઓ ભારત આવવાના હતા. મણપાક્કમમાં લગભગ 750 અભ્યાસીઓ રશિયાથી આવતા હતા અને આશરે 150 અભ્યાસીઓ સાઉથ આફ્રિકાથી આવ્યા હતા. ફેબ્રુઆરીની 9મીએ, સેમિનારના પ્રથમ દિવસે, પૂજ્ય ગુરુજી કોટેજના નવીનીકરણના ચાલી રહેલા કાર્યનું નિરીક્ષણ કરવા ગયેલા, તો ત્યાં ધૂળ ઉડવાને કારણે તેમને તકલીફ થઈ હતી. પૂજ્ય ગુરુજીએ ધ્યાન ખંડમાં બેઠેલા અભ્યાસીઓને નીચે ડોર્મ 'એ'માં આવવા વિનંતી કરી. તેમણે ટૂંકો સત્સંગ કરાવ્યો અને પછી માફી માંગી અને તરત જ ગાયત્રી જવા રવાના થઈ ગયા.

સેમિનારનો વિષય હતો, 'પ્રેમ અને સમર્પણ' બધાં જુદી જુદી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા, પરંતુ દરેક પર જાણે વ્યક્તિગત રીતે કામ થઈ રહેતું હોવાનું લાગતું હતું. આખાય આશ્રમ પર સર્વત્ર પૂ.ગુરુજીના પ્રેમની ચાદર છવાઈ ગઈ હતી. અભ્યાસીઓને પૂ.ગુરુજીના દ્રષ્ટિકોણ પર તેમજ તે દ્રષ્ટિકોણ સાથે આપણે જીવન કેવી રીતે જીવવું જોઈએ, તેના પર અભ્યાસીઓને મનન કરવાનું કહેવામાં આવ્યું હતું

ભાઈ કમલેશ પટેલ, એ.પી.દુરાઈ, સી.રાજગોપાલન, પી.આર.ક્રિષ્ના, બીલ વાયકોટ, સમીર સિંઘ અને એન.એસ.નાગરાજાના પ્રેરણાત્મક વક્તવ્યો દ્વારા ભાગ લેનારા અભ્યાસીઓએ ઘણું મેળવ્યું હતું. આ

વક્તવ્યોના વિષયો હતા, પ્રેમ અને સમર્પણ, દિવ્ય સિધ્ધાંતો, જીવનમાં સેવા, સહજ માર્ગનો પ્રાણ, અને મારા જીવનમાં સહજ માર્ગ. દરરોજ બપોરે આયોજકો જૂથ–ચર્ચાઓ યોજતા હતા કે જેથી અભ્યાસીઓએ વક્તવ્યો દ્વારા જે સાંભળ્યું, તેના પર વિચાર કરીને સૌ સાથે વાત કરી શકાય.

બે તદ્દન જુદા જ પ્રદેશોના અભ્યાસીઓ બહુ ઝડપથી એકબીજા સાથે ભળી ગયા હતા, જેને પરિણામે તેમણે ભેગાં મળીને કેટલાંક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજ્યા હતા. બંન્ને પ્રદેશોના યુવાનોએ સાથે મળીને એક ગીત રેકોર્ડ કર્યુ હતું અને તેની રજૂઆત તેમણે પૂ.ગુરુજી સમક્ષ કરી હતી.

છેલ્લે દિવસે –17મી ફેબ્રુઆરીએ, પૂ.ગુરુજીએ સત્સંગ કરાવ્યો અને તેમણે ભાગ લેનારા સહુને બપોરના ભોજન માટે આમંત્રિત કર્યાં. આ તેમના તરફથી એક વિશેષ ભેટ હતી. તેમના સમક્ષ એક ટૂંકો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં રશિયન લોકનૃત્ય રજૂ થયું અને ઘણી બધી ભાષાઓને આવરી લેતા ગીતોનું મિશ્રણ રજૂ થયું હતું. પૂ.ગુરુજીએ બોધ આપ્યો કે વિશ્વ, એ અમાર્યાદિત શરૂઆત છે. તેમણે તાજેતરના વ્હિસ્પર્સ સંદેશાઓના અવતરણોથી સૌને પ્રેરણા આપી, જેમાં કહેવાયું હતું કે સહજ માર્ગના કેટલાંક અભ્યાસીઓ આ જ જીવનમાં અંતિમ લક્ષ્ય પામી ચૂક્યા છે. આનાથી દરેકમાં આશા બંધાઈ કે તક સૌ માટે ઉપલબ્ધ છે. આધ્યાત્મિકતાના મુખ્ય લક્ષણો, પ્રેમ અને સમર્પણ વિકસાવીને, તક અને માર્ગદર્શનનો લાભ મેળવીને દરેક અભ્યાસી લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે.

પૂજ્ય ગુરુજી પ્રશિક્ષક બનાવવામાં ખૂબ જ વ્યસ્ત રહે છે. આ સેમિનારની સાથે સ્કોલરશીપ ટ્રેનિંગ કાર્યક્રમ પણ હતો જેના અંતે પૂજ્ય ગુરુજીએ બે અઠવાડિયાથી ઓછા સમયમાં 36 પ્રશિક્ષકો બનાવ્યા હતા. તેઓ રોજની ત્રણ પ્રશિક્ષક માટેની બેઠક આપતા હતા, જેમાં તેમની ઘણી શક્તિ વહી જતી હતી.

## શુક્રવાર, 15 મી ફેબ્રુઆરી, 2013, વસંત પંચમી

પૂજ્ય ગુરુજી થોડાક નબળા અને થાકેલા જણાતા હતા છતાં પણ તેઓ સમય કરતા વહેલા તૈયાર થઈ ગયા હતા. તેઓ આશ્રમ પહોંચી ગયા હતા અને સવારનો સત્સંગ કરાવ્યો હતો અને ત્યારબાદ મૂશળધાર વરસાદ પડ્યો હતો. પૂજ્ય ગુરુજીએ તેમના વક્તવ્યમાં દરેકને આ કલ્યાણકારી દિવસની યાદ અપાવી અને પૂજ્ય લાલાજી મહારાજનો પૃથ્વી ઉપર અવતરવાનો હેતુ જણાવ્યો. તેમણે જણાવ્યું કે જ્યારે સત્સંગની શરૂઆત થઈ, ત્યારે આપણે કોઈ જાણતા નહોતા કે વરસાદ પડશે. વરસાદ આજના શુભ દિવસે આવકાર્ય છે.


પૂજ્ય ગુરુજીએ ત્યારબાદ ભાઈ શ્રી સતબીરે ગાર્ડન ઓફ.હાર્ટ્સમાં તેમના જ માટે તૈયાર કરેલા ફ્લેટમાં ગૃહપ્રવેશ કર્યો અને રવિવાર સુધી ત્યાં જ રોકાવાનું નક્કી કર્યું. પૂ.ગુરુજી ધ્યાનની બેઠકો (સિટિંગ) આપવામાં વ્યસ્ત હતા. તેમને ગળામાં દુ:ખાવો હતો અને શારીરિક રીતે ખૂબ થાકી ગયા હોવા છતાં તેમણે કામ બંધ ન કર્યું. રવિવારે પૂ. ગુરુજીએ સત્સંગ કરાવ્યો, જે એક કલાક અને વીસ મિનિટ સુધી ચાલુ હતો. તે પછી તેઓ ભોંયરાના હોલમાં ગયા અને તેમણે સાઉથ અમેરિકાના અભ્યાસીઓ તથા સ્કોલરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામમાં ભાગ લેનારા અભ્યાસીઓ સાથે સવારનો નાસ્તો કર્યો. પછી ગુરુજી ભાઈ સતબીરના ઘરે ગયા. ખૂબ થાકી ગયા હોવા છતાં પૂ. ગુરુજીએ સિટિંગ આપી અને તેમનું કામ પૂરું કર્યું. એક અભ્યાસીએ તેમને પૂછ્યું કે તેઓ શા માટે થાકી જવાય એટલું




બધું કામ કરે છે. ગુરુજીએ જવાબ આપ્યો, "જ્યારે હું બીમાર હતો, ત્યારે કામ નહતું કરી શકાયું. પણ હવે હું સાજો થઈ ગયો છું, તેથી મારે મારું કામ કરવું જ જોઈએ અને સારી સિટિંગ આપવી, એ મારી એક ફરજ પણ છે."

પૂ.ગુરુજીનું કામ ચાલુ જ છે. તે ક્યારેય પૂરું થતું નથી. આપણે સૌ પ્રાર્થના કરીએ કે તેમનું સ્વાસ્થ્ય સારું રહે, તેઓ તંદુરસ્ત રહે અને હંમેશની જેમ સ્મિત રેલાવતા રહે.


## નવીન પ્રકાશનો




સહજ માર્ગ
મેન્ડરીંગ્સ





ફેઈથ
અંગ્રેજી




રિલિજીયન એન્ડ
સ્પીરીચ્યુઆલીટી અંગ્રેજી





હાર્ટ સ્પીક 2006




લવ એન્ડ ડેથ




ડાઉન મેમરી લેન
વોલ્યુમ–1




ધ સ્પાઈડર્સ વેબ
વોલ્યુમ–1 અંગ્રેજી




મેસેજીસ યુનિવર્સલ
વોલ્યુમ–2 હિન્દી




રિયાલીટી એટ ડોન
ઓડિયો બુક –અંગ્રેજી

# પૂજ્ય લાલાજી મહારાજની 140 મી જન્મજયંતિના ઉત્સવો

## ઉત્તર

અલ્હાબાદ, બલિયા, કાનપુર, લાલગંજ, લખનૌ, ગોલા ગોકરન્નાથ, વગેરે જેવાં ઉત્તર પ્રદેશના, ગુરગાંવના ઘણાં કેન્દ્રોએ જન્મજયંતીના ઉત્સવની ઉજવણી ખૂબ ઉત્સાહ અને ઉલ્લાસભેર કરી હતી. ઝોન–10માં આવેલા ચંદીગઢ, સોનેપત, પતિયાલા અને ભવાની કેન્દ્રોએ પણ ઉત્સવનું આયોજન કર્યું હતું. ત્રણે દિવસોએ અભ્યાસીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પૂર્વ

કોલકતા, સિલીગુડી અને ખડગપુરમાં પણ ઉત્સવનું આયોજન થયું હતું અને આ કેન્દ્રો આસપાસનાં કેન્દ્રો માટે યજમાન બન્યા હતા. ઉત્સવ દરમિયાનના કાર્યક્રમોમાં, વક્તવ્યો રજૂ થયા, આત્મ–નિરીક્ષણ માટે સમય આપવામાં આવ્યો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થયો હતો. આ પ્રસંગ હતો, સહજ માર્ગની સમજને ઊંડી ઉતારવાનો.

## દક્ષિણ

આંધ્ર પ્રદેશના કુર્નુલ અને વિજયવાડા કેન્દ્રોએ ત્રણ–દિવસનો ઉત્સવ કર્યો હતો. ભાગ લેનારા અભ્યાસીઓની આધ્યાત્મિક ઉન્નતિ માટે યોજાયેલા કાર્યક્રમોમાં જૂથ વચ્ચે ચર્ચાઓ થઈ હતી, પ્રેઝન્ટેશન અને ક્વીઝ રજૂ થયા હતા તેમજ વિડિયો પણ દર્શાવવામાં આવ્યો હતો. કર્ણાટકાના બેંગલોર, કોલાર, મેંગલોર, છન્નાપટના, ગુલબર્ગા, હુબલી, બીડર અને રાયચુર કેન્દ્રોએ પણ ઉત્સવનું આયોજન કર્યું હતું, અને આજુબાજુના કેન્દ્રોમાંથી ઘણાં અભ્યાસીઓ આવ્યા હતા. જૂથ–ચર્ચાઓ અને વક્તવ્યો ઉપરાંત, નિબંધલેખનના સર્ટિફીકેટનું વિતરણ

> “પ્રસન્નતા(સુખ) બહાર ક્યાંય નથી. તે આપણું લક્ષ નક્કી કરવામાં, સ્વભાવમાં સ્થિરતા લાવવામાં અને આપણા મનને ખેંચી(વાળી) લેવામાં છે. જેઓ આ રહસ્ય જાણે છે તેઓ સુખની શોધ બહાર કરતા નથી.”
>
> પૂ.લાલાજી મહારાજ

પણ કરવામાં આવ્યું હતું. કેરાલાના ત્રિવેન્દ્રમ, અલુવા અને પાયનુર કેન્દ્રોમાં પણ ઉત્સવનું આયોજન થયું હતું. તામિલનાડુના મદુરાઈ કેન્દ્રમાં લગભગ 200 અભ્યાસીઓ હાજર રહ્યા હતા.

## પશ્ચિમ

દેશના પશ્ચિમે આવેલા ગુજરાતમાં અમદાવાદ, મહારાષ્ટ્રમાં આવેલા નાગપુર, સોલાપુર અને મુંબઈ ખાતે, અને રાજસ્થાનમાં અલ્વર અને જોધપુર ખાતે ઉત્સવનું આયોજન થયું હતું.


અલુઆ


બિકાનેર


મેંગલોર


ગુલબર્ગા


હુબલી


ભિલવાડા


અમદાવાદ


છન્નાપટના


મુંબઈ


મિરઝાપુર


કાનપુર


નાગપુર


વિજયવાડા


અલ્હાબાદ


ફુલગાંવ



કુર્નૂલ


વારાણસી


લખનૌ


કોલકતા


બેંગલોર

# સેમીનાર

## ઝોનલ મીટ – કલકત્તા



પશ્ચિમ બંગાળમાં જુદા જુદા કેન્દ્રનાં લગભગ 70 અભ્યાસીઓ તા. 5 અને 6 જાન્યુઆરીએ ભેગા થયા હતાં. આવા સંમેલન દરમિયાન આશ્રમની મુલાકાત લેતાં અભ્યાસીઓને આધ્યાત્મિકતા સભર વાતાવરણને માણવાની તક મળે છે. પશ્ચિમ બંગાળ ઝોનમાં ફક્ત બે આશ્રમો કલકત્તા અને સિલીગુરીમાં છે અને ત્રીજો ગેંગટોકમાં પુર્ણ થવાની તૈયારીમાં છે.

સત્સંગ પછી ભાઈ મહેશ ભારદ્વાજ અને ભાઈ જેસલ મહેતાએ સહજ માર્ગનાં સિધ્ધાંતો ઉપર પ્રેઝન્ટેશન આપ્યું હતું. ત્યાર પછી બ્રધર શરદ જાવર અને બહેન લીના દવે એ "ધ્યાન અને સફાઈ" ઉપર સત્ર લીધાં હતાં. બપોરના ભોજન પછીની શરૂઆત દુર્ગાપુરનાં ભાઈ પરિમલ જાનાનાં "પ્રાર્થના" ઉપર નાં સત્રથી થઈ હતી અને એક ખૂબજ મનોરંજક સત્ર "ડાયરી લેખન" ખરગપુરનાં બહેન ચંદ્રકાંતા અરોરા દ્વારા આપવામાં આવ્યું હતું.

કલકત્તાનાં એકસો થી વધારે અભ્યાસીઓએ આશ્રમમાં રાત્રી રોકાણ પણ કર્યું હતું. બીજા દિવસે સવારનાં સત્સંગ પછી ઝેડાઈસી ભાઈ અજય ભટ્ટે આપણાં ધ્યેય પ્રત્યે ગંભીર થવાની તથા એને મેળવવા પ્રત્યે કાર્યરત રહેવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. અભ્યાસીઓને આ બે દિવસનાં સેમીનારનાં અનુભવો વિષે જણાવવાનું કહેવામાં આવ્યું હતું. બધાં સારી યાદો અને ગુરુજી પ્રત્યેનાં પ્રેમાળ હૃદય સાથે છૂટા પડયાં.





## પ્રકાશન વર્કશોપ, હુબલી

તા. 19 અને 20 જાન્યુઆરીએ બેંગલોરનાં ભાઈ વેંકટ રાવ અને તેમની ટીમે હુબલી કેન્દ્રમાં જુદા જુદા કેન્દ્રોથી હુબલી, સીરસી, ગડગ, નવનગર, કરૂર, રાનેબેનુર, ધારવાડ, દેવાંગીરી અને બેલગામનાં લગભગ 45 અભ્યાસીઓ માટે એક કાર્યક્રમ નું હુબલીમાં આયોજન કર્યું હતું. 19 તારીખે ભાઈ રાવ "સેવા" વિષે બોલ્યા હતા. વિષયને આવરી લેતા ગુરુજીની વકતવ્યનું વીડયો કલીપીંગ પણ બતાવવામાં આવ્યું હતું. અભ્યાસીઓને ટીમમાં વહેચવામાં આવ્યા હતાં અને જુદા જુદા વિષયો પર નાટીકા રજુ કરવાનું કહેવામાં આવ્યું હતું. પુસ્તક વેચવાની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી. બીજા દિવસે સહજ માર્ગનાં સાહિત્યને વાંચવા વિશેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સવારે 6:00 વાગ્યે સ્વયંસેવકોને બુક સ્ટોલ લગાવવાનું કહેવામાં આવ્યું હતું. તૈયારી દરમિયાન સ્વયંસેવકોનાં ચહેરા પર ખુબ ઉત્સાહ દેખાતો હતો અને પુસ્તકોનાં વેચાણ દરમિયાન પણ ચમત્કારિક રીતે રૂ. 48,000/– નું વેચાણ થયું હતું. સાંજે 5 વાગ્યાનાં સત્સંગ અને અભિપ્રાય સત્ર સાથે વર્કશોપ પૂરો થયો હતો.

## અભેદોનપુરા, ઉત્તર પ્રદેશ

અભેદોનપુરામાં એક શાળાના મકાનમાં તા. 17 ફેબ્રુઆરીએ મેનેજમેન્ટ સ્ટાફ, પ્રીન્સીપાલ, શિક્ષકો, સ્કુલનાં વિદ્યાર્થીઓ અને સ્થાનિક અભ્યાસીઓ મળી લગભગ 150 સહભાગીઓનું એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નું સંચાલન ભાઈ સુભાષ ચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

ભાઈ આર. એસ. ઈન્ડોલીયાએ સહજ માર્ગ ને રજૂ કરતા પ્રથમિક જાણકારી આપી અને માનવ ઉત્કાંતિ માટે ધ્યાનની ભૂમિકા પર ક્ષણીક પ્રવચન કર્યું. ભાઈ જી. એસ. ગીલ આધુનિક જીવનમાં સહજ માર્ગ વિશે બોલ્યા હતાં. એક સવાલનાં જવાબમાં તેમણે કહ્યું હતું કે ધ્યાનથી આપણે એકાગ્રતા મેળવી શકીએ છીએ પરંતુ ધ્યાન કરવાનો ઉદ્દેશ ફકત એકાગ્રતા મેળવવાનો નથી.

બહેન ઉષા ગીલ "ધર્મ અને આધ્યાત્મિકતા" પર બોલ્યા હતા અને ત્યારબાદ આ વિષય પર સવાલ–જવાબ પણ થયા હતાં. અહીં ઉપસ્થિત લોકોએ સહજ માર્ગ ફિલસૂફીનાં પુસ્તકો ખરીદ્યા હતાં અને સંમેલનનાં અંતમાં જમવાનું પણ માણ્યું હતું.

# નિબંધ કાર્યક્રમનાં પ્રમાણપત્રનું વિતરણ

અખિલ ભારત નિબંધ કાર્યક્રમ, 2012 નાં વિજેતાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ ભારતનાં જુદા જુદા કેન્દ્રોમાં રાખવામાં આવ્યો હતો.


ચંદીગઢ

તારીખ 3 ફેબ્રુઆરીએ ચેટ્ટીપલાયમ આશ્રમ, તિરુપુરમાં ભાઈ એન. પ્રકાશ, ઝેડઆઈસી ભાઈ ટી. વી. વિશ્વનાથ રાવ અને સીઆઈસી ભાઈ એસ. રવિ સુબીચન દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ગુલબર્ગામાં 3 જી ફેબ્રુઆરી અને હુબલીમાં 10 મી ફેબ્રુઆરીએ આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રિ વર્ધન, ધારવાડ જિલ્લાનાં ડીડીપીઆઈ હુબલી ખાતે મુખ્ય મહેમાન હતાં. બેલ્લારીમાં ડો. તેજસ મૂર્તિ કે., એએસએમ મહિલા કોલેજનાં પ્રિન્સીપાલ મુખ્ય મહેમાન હતાં. બિદર અને રાયચુરમાં આ કાર્યક્રમ 3 જી ફેબ્રુઆરીએ રાખવામાં આવ્યો હતો. બેંગલોરમાં તા. 10 મી ફેબ્રુઆરીએ દક્ષિણ કર્ણાટક ઝોનનો ઈનામ વિતરણ કાર્યક્રમ બહેન સીતા કુંચીથાપદમનાં હસ્તે કરવામાં આવ્યો હતો.


ગોબીચેટ્ટીપાલાયમ


મુંબઈ

તામીલનાડુ ઉત્તર ઝોનનો સમારોહ ત્રિચીમાં રાખવામાં આવ્યો હતો. આત્મા હોસ્પીટલ અને રીસર્ચ પ્રા. લિ. નાં ડાયરેકટર અને ચેરમેન ડો. કે. રામાક્રિષ્નન મુખ્ય મહેમાન હતાં. મોરાદાબાદમાં તા. 17 મી ફેબ્રુઆરીએ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.


તીરુપુર ગુલબર્ગા ટુટીકોરીન

મુંબઈ અને નાસિક કેન્દ્ર માટે તા. 10 મી ફેબ્રુઆરીએ બીએમએ પનવેલ ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એડીશનલ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયાનાં ડો. કવિતા ગુપ્તા (આઈએએસ) ની હાજરીમાં કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. બહેન અનુરાધા અને ભાઈ સંજય ભાટિયા અતિથિ વિશેષ હતાં.


ત્રીચી


સીલીગુરી

બીએમએ કલકત્તામાં જસ્ટીસ ચીત્તાતોષ મુખર્જી, મુંબઈ અને કલકત્તા હાઈકોર્ટનાં રીટાયર્ડ ચીફ જસ્ટીસ દ્વારા વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યાં હતાં. ભાઈ અજય ભટ્ટે વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમોમાં ઉદ્ભવતા વિચારો અને કલ્પનાને તેમનાં જીવનમાં ઉતારવાની જરૂરિયાત વિશે જણાવ્યું હતું, જે એકલું જ આવા કાર્યક્રમોને ખરેખર અર્થપૂર્ણ બનાવી શકે.


બેલેરી

સીલીગુરી, દાર્જીલીંગ અને ગેંગટોકનાં આમંત્રિતો સીલીગુરીમાં તા. 27 જાન્યુઆરીએ ભેગા થયા હતાં. જ્ઞાન જ્યોતી કોલેજનાં પ્રીન્સીપાલ અને યુનેસ્કોનાં કન્સલટન્ટ પ્રો. જયરામ સુરેશ અતિથિ વિશેષ હતાં.


કોલકત્તા


મોરાદાબાદ


ગુરગાંવ






## કુર્નુલ આશ્રમ જમીનની નોંધણી

એસઆરસીએમના જોઈન્ટ સેક્રેટરી, ભાઈ એ. પી. દુરાઈ ડીસેમ્બરની 27મી તારીખે જમીનની નોંધણી કરવા માટે કુર્નુલ આવ્યા હતા. તે જમીનમાંની 10 એકર જમીન આશ્રમ માટે અને 30 એકર જમીન અભ્યાસી કોલોની માટે છે. સત્સંગ પછી, કુર્નુલથી 13 કી. મી. દૂર, બસ્તીપડુ ગામની હદમાં આવેલા નવા આશ્રમ પર જવા તેઓ નીકળ્યા હતા. ભાઈ દુરાઈ 'ગુરૂદેવને હંમેશાં કેવી રીતે ખુશ રાખવા?' એ વિષય પર રાખવામાં આવેલી સમૂહ ચર્ચામાં જોડાયા હતા. રજૂઆતો કર્યા પછી, માનવ સમાજમાં સાચી બંધુત્વની ભાવના વિકસાવવા માટે આપણા મતભેદો અને તફાવતોને દૂર કરવાની જરૂરિયાત પર તેઓ બોલ્યા હતા. ગુરુજીને સાચા અર્થમાં ખુશ કરવા માટે આપણા આશ્રમોનો બતાવ્યા મુજબ વધારેમાં વધારે ઉપયોગ કરવાનું સૂચવ્યું હતું. બપોરના ભોજન પછી, પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં સહજ માર્ગના અભ્યાસ પર સ્પષ્ટિકરણો આપવામાં આવ્યાં હતાં.

સાંજના સતસંગ પછી, શિક્ષકો માટે એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં 60 શિક્ષકોએ હાજરી આપી હતી, તેમાંના કેટલાક નંદીયલ અને નંદીકોટકુરમાંથી આવેલા હતા.
28મી ડીસેમ્બરે સત્સંગ પછી, વેચાણ માટેની કામગીરીની નોંધણી કરવામાં આવી હતી. ટીમ નવી લીધેલી જગ્યા પર જવા નીકળી હતી જ્યાં 200 અભ્યાસીઓ હાજર હતા. કેટલાક યુવા અભ્યાસીઓને બોલવાનું કહેવામાં આવ્યું હતું. તે પછી સીઆઈસી ભાઈ રવિન્દ્રનાથ અને ઝેડઆઈસી ભાઈ ગંગાધર અને બીજા થોડા બોલ્યા હતા. ભાઈ દુરાઈએ અભ્યાસી કોલોની અને આશ્રમની બાજુમાં સમાજ હિત માટે બંધાતા મકાનમાં ઝડપી વિકાસ લાવવા ગુરુજીની સલાહ-સૂચનાઓ પાઠવી હતી.



## સોલાપુર આશ્રમ, મહારાષ્ટ્ર

30મી ડીસેમ્બર, 2012ના રોજ ગુરુજીએ જીવંત વિડિયો પ્રસારણ દ્વારા સોલાપુર આશ્રમના ધ્યાનકક્ષનું ઉદઘાટન કર્યું હતું. સોલાપુર આશ્રમ માટે શહેરથી ફક્ત પાંચ કી.મી. દૂર અક્કલકોટ રોડ પર 1.5 એકરની જમીન છે. લગભગ 3500 ચો. ફૂટના ધ્યાનકક્ષમાં 850 અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે તેમ છે. જુદાં જુદાં પ્રકારના લગભગ 500 વૃક્ષો, જેમાં લીમડા અને પીપળાના વૃક્ષોએ આજુબાજુમાં લીલોતરીનું દ્રશ્ય ઉભું કર્યું છે અને જેનાથી ગુરુજી ઘણા ખુશ હતા. વિડિયો જોતી વખતે ગુરુજીએ આશ્રમની જગ્યા વિશે વિગતવાર માહિતી માટે પૂછપરછ કરી હતી. તેમણે યાદ કરતાં કહ્યું હતું કે ચોવીસ વર્ષ પહેલાં, તેમણે લીધેલી સોલાપુરની મુલાકાત દરમિયાન તેમને ટેલીકોમ ટાવર સુધી ચાલવું પડ્યું હતું અને ટેલીકોમની ઓફિસથી ચેન્નાઈના તેમના પરિવાર સાથે વાત કરી હતી. તે જગ્યાએથી આશ્રમ બરાબર અડધો કી.મી. દૂર આવેલો છે. વિડિયો કલીપ જોયા પછી, ગુરુજીએ આશ્રમને પૂજ્ય બાબુજી મહારાજને અર્પણ કર્યો હતો. ખુશીના આ પ્રસંગે હાજર રહેલા સોલાપુર કેન્દ્રના થોડા અભ્યાસીઓને પ્રસાદ વહેંચ્યો હતો.

## મોરાદાબાદ

27મી જાન્યુઆરીએ ભાઈ રાજકિશોર દ્વારા મોરાદાબાદ આશ્રમ ખાતે અડતાલીસ અભ્યાસીઓ માટે પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના જૂથમાં ચાર કાર્યક્રમોનું સંચાલન કરવામાં આવ્યું હતું પહેલા કાર્યક્રમમાં આત્મ-નિરીક્ષણ અને આંતરિક જાગરૂકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. વિષયને સમજાવવા માટે ગુરુજીનાં અવતરણો અને બોધપાઠોનો ઉપયોગ વધારે કરવામાં આવ્યો હતો. બીજા કાર્યક્રમમાં ધ્યાનનાં બધાં જ પાસાંઓને સમજાવવામાં આવ્યાં હતાં અને જોઈ શકાય તેવાં સાધનોની મદદથી સ્પષ્ટિકરણો આપવામાં આવ્યાં હતાં. તેમાં તે વિષય પર વ્હીસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડના કેટલાક ખાસ સંદેશાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

ત્રીજા કાર્યક્રમમાં એક જૂથમાં રહીને કરવામાં આવતા કાર્ય પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. અભ્યાસીઓને તેમને આપવામાં આવેલા કાર્ય સહિત જોડીઓમાં વિભાજીત કરવામાં આવ્યા હતા કે જેથી સમૂહમાં કરવાના કાર્યથી થતા વ્યવહારૂ અમલીકરણોનો અનુભવ થાય. ચાના ટૂંકા વિરામ બાદ, છેલ્લા કાર્યક્રમમાં વિડિયોની રજૂઆત કરી હતી, તે પછી વિડિયોની બાબતમાં તેમની દિલની પ્રતિક્રિયા કહેવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં, દરેક ભાગ લેનારે તેમનું મંતવ્ય આપ્યું હતું અને કાર્યક્રમો દરમિયાન તેમને થયેલા અનુભવો કહ્યા હતા.



## ત્રિચી

ભારતીદાસન યુનિવર્સિટી, સુરિયુર, ત્રિચી ખાતે 4થી ફેબ્રુઆરીએક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ સાઠ સ્નાતકો, શોધખોળ નિષ્ણાતો, ટેકનીકલ અધિકારીઓ અને વિવિધ ખાતાંઓમાંથી આવેલા નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

મિસ અન્ના જોઈસીએ સંમેલનમાં એકઠા થયેલાઓનું સ્વાગત કર્યું હતું અને એસઆરસીએમના વાઈસ પ્રેસીડન્ટ, ભાઈ કમલેશ પટેલનો પરિચય કરાવ્યો હતો. તેમણે ધ્યાન અને તેની પાછળ રહેલા વિજ્ઞાનના મહત્ત્વ પર ભાર આપીને સંમેલનને સંબોધ્યું હતું. ભાઈ કમલેશે ભાગ લેનારાઓમાંથી કેટલાક સાથે કાર્યક્રમ પછી અરસ પરસ વાતચીત કરી હતી. ઘણા બધાએ પધ્ધતિમાં જોડાવાની તેમની રૂચિ દર્શાવી છે.

12મી ફેબ્રુઆરીએ, ત્રિચીના ભારતીદાસન યુનિવર્સિટીના પ્લાન્ટ સાયન્સ ડિપાર્ટમેન્ટના ઓડિટોરિયમ ખાતે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ પચાસ વિદ્યાર્થીઓ, શોધખોળના નિષ્ણાતો અને મરીન બાયોટેકનોલોજી અને મરીન સાયન્સમાંથી આવેલા સભ્યોએ તેમાં હાજરી આપી હતી. ત્રિચિના સીઆઈસી ભાઈ ટી. એસ. રઘુરામે સંમેલનને સંબોધ્યું હતું. વિદ્યાર્થીઓએ તેમની સાથે સ્પષ્ટિકરણ માટે અરસપરસ વાતચીત કરી હતી અને થોડાએ પધ્ધતિનો અનુભવ કરવામાં તેમની રૂચિ બતાવી હતી.

## ગોલા ગોકરન્નાથ, ઉત્તરપ્રદેશ

20મી જાન્યુઆરીએ, ઉત્તરપ્રદેશના ગોકરન્નાથ સેન્ટર ખાતે વિવિધ શાળાઓ અને કોલેજોના 110 શિક્ષકો માટે એક વર્કશોપનું આયોજન કર્યું હતું જેનું સંચાલન ઝેડઆઈસી ભાઈ પ્રભાતે સંભાળ્યું હતું. બહેન સુજાતાએ 'સ્વ–કેન્દ્રિકરણ: સિધ્ધાંત અને પધ્ધતિ' પર અને ભાઈ પંકજ 'આધુનિક સમાજમાં શિક્ષકોની ભૂમિકા' પર બોલ્યા હતા. બપોરના ભોજન પછી, ભાઈ હેમરાજે 'આજના યુવાનોની સમસ્યાઓ અને તેના ઉકેલ' વિષે સમજાવ્યું હતું. શિક્ષકોએ પણ તેમના અનુભવો શ્રોતાવર્ગને કહ્યા હતા. વર્કશોપ સુઆયોજીત રહ્યો હતો અને લગભગ ચાલીસ સ્વયંસેવકોએ તેને સફળતા અપાવવામાં ફાળો આપ્યો હતો.



## કેરાલાનો પ્રવાસ

જોઈન્ટ સેક્રેટરી ભાઈ એ.પી.દુરાઈએ ઓપન હાઉસના સત્રો અને ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમિનારોનું સંચાલન કરવા માટે કેરાલાનો પ્રવાસ કર્યો હતો. ત્રિવેન્દ્રમ આવીને, તેમણે સૈનિક સ્કૂલ સાથે અને ત્રિવેન્દ્રમમાં આવેલી યુનિવર્સિટી કોલેજ સાથે 17 અને 18 જાન્યુઆરીથી શરૂઆત કરી હતી. 19મીએ, તેમણે અટ્ટીંગલમાં એક અને એક કોલ્લમ, એમ બે જૂથોને સંબોધ્યા હતા. 20મીએ, પઠાનમ્થિટ્ટા અને ચેન્ગાન્નુર ખાતે સંમેલનોનું સંચાલન કર્યું હતું. 21મીએ, કોટ્ટયમમાં કેએસઈબી, મહાત્મા ગાંધી યુનિવર્સિટી અને કુમારનેલ્લોર હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ત્રણ કાર્યક્રમો કર્યા હતા અને સાંજે શ્રી રામક્રિષ્ણ સેવાશ્રમ, કોચી ખાતે કાર્યક્રમ રાખ્યો હતો. 22મીએ, અલુવા આશ્રમ ખાતે અભ્યાસીઓ સાથે અરસપરસ વાતચીત કરી હતી અને તે પછી, એનએસએસ હાયર સેકન્ડરી સ્કૂલ (પરક્કડવુ), શ્રી નારાયણ ગુરૂ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (કરુમલૂર) અને વિદ્યાધિરાજ વિદ્યા ભવન હાઈસ્કૂલ (અલુવા) ખાતે કાર્યક્રમોનું સંચાલન કર્યું હતું.

23મીને સવારે, લોબેલિયાહાયર સેકન્ડરી સ્કૂલ (નચરમ્બાલ્લુર) ખાતે કાર્યક્રમ હતો. થ્રિસ્સુર આશ્રમ ખાતે અભ્યાસીઓ સાથે સાંજે તેમણે અરસપરસ વાતચીતનો કાર્યક્રમ રાખ્યો હતો અને 24મીની સવારે યુવાનો સાથે અમ્બલ્લુર ખાતે અરસપરસ વાતચીતનો કાર્યક્રમ કર્યા પછી, સાંજે તેઓ ઓપન હાઉસ કરવા પલક્કડ જવા રવાના થયા હતા. 25મીએ તેમણે મલપ્પુરમ, કોઝિહકોડે અને વડકરા સેન્ટરોમાં ઓપન હાઉસનું સંચાલન કર્યું હતું.

આ કાર્યક્રમો દરમિયાન, ભાઈ દુરાઈ, ગૃહસ્થજીવન જીવીને જ આધ્યાત્મિકતાનો અભ્યાસ કરવાની જરૂરિયાત પર, મૂલ્યો પર જ આધારિત જીવન વિષે, આધુનિક મનુષ્યને સહજ માર્ગ તેના સંસ્કારોમાંથી કેવી રીતે મુકત કરે છે, ધર્મ અને આધ્યાત્મિકતા વચ્ચેનો ફરક અને ઈશ્વર વિષેની માન્યતા પર બોલ્યા હતા અને મૂલ્યો પર આધારિત નવી જ પેઢીનું નિર્માણ કરવામાં રહેલી શિક્ષકોની જવાબદારી પર ભાર આપ્યો હતો. અભ્યાસીઓ સાથે પણ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા જેનાથી કેન્દ્ર પ્રત્યેની સંવેદના અનુભવવામાં અને અભ્યાસીઓને તેમની શંકાઓનું સમાધાન લાવવામાં મદદ મળી હતી. 28મીએ તેઓ પચ્ચનુરથી ચેન્નાઈ જવા નીકળ્યા હતા.



## ગુજરાત–ઝોનલ મીટીંગ (ઝોન 6અ અને 6બ)

ભાઈ સી. રાજગોપાલન, 24મી જાન્યુઆરીએ કાર્યકર્તાઓ અને પ્રશિક્ષકોને મળવા માટે અમદાવાદ આવ્યા હતા. અમદાવાદ અને ગાંધીનગર કેન્દ્રના પ્રશિક્ષકો સાથેની મીટીંગમાં, તેમણે પ્રશિક્ષકો માટે નિયમિત સાધના અને તેમની વચ્ચે અંદરોઅંદર ભાઈચારાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો. તેમણે પ્રશિક્ષકોને સેટેલાઈટ સેન્ટરોની મુલાકાત લેવા અને મિશનના કાર્ય માટે અભ્યાસીઓની દેખરેખ રાખવા પ્રોત્સાહિત કર્યા હતા.

25મી જાન્યુઆરીએ ભાઈ રાજગોપાલન ઝોન 6અ–મહેસાણા, પાલનપુર, હિંમતનગર, જામનગર, ભૂજ અને રાજકોટ સેન્ટરના પ્રશિક્ષકોને મળ્યા હતા. બીજે દિવસે, ઝોન અ અને ઝોન બ થી આવેલા પ્રશિક્ષકો માટે મીટીંગોનું આયોજન કર્યું હતું જેમાં 'સાધના અને પ્રશિક્ષકોની ભુમિકા' પર પ્રશ્નોત્તરીનો સમાવેશ કર્યો હતો.

27મીએ ભાઈ રાજગોપાલન 'સાધનાનો પાયો' અને 'એસઆરસીએમ નો પરિચય' પર બોલ્યા હતા. તેઓ નવસારી, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર અને સેલંબાથી આવેલા પ્રશિક્ષકોને મળ્યા હતા.

આ ત્રણ દિવસો દરમિયાન, ગુરુજીની હાજરીનો અનુભવ બધાને થયો હતો. દરેકજણે ભાઈ રાજગોપાલનનો આભાર માન્યો હતો અને મિશનની વૃધ્ધિ માટે કામ કરવા તેમની જાતને તૈયાર કરી હતી.

## સતખોલ આશ્રમ, ઉત્તરાખંડ

30મી અને 31મી ડીસેમ્બર, 2012ના રોજ બહેન છવિ, પૂજા બબ્બર અને વિમલા શેઓરોન અને ભાઈ જિજ્ઞેશ દ્વારા હિંદીમાં સંચાલિત બે દિવસના પ્રશિક્ષકોના વિકાસ કાર્યક્રમમાં ઉત્તરાખંડના ચુમ્માલીસ પ્રશિક્ષકોએ હાજરી આપી હતી.

ગુરુજીની અસરકારક હાજરીને કારણે, હૃદયો ખુલ્યાં હતાં, ભાઈચારામાં વિકાસ થયો હતો અને હાજર રહેલા દરેકજણ નિષ્ઠાવાન અભ્યાસીઓ બનવા માટે અને 'તેમના' સંતોષ માટે વધારે સારું કાર્ય કરવા કટિબધ્ધ થયા હતા. પૂર્ણતા પામવા માટેની આવડતો શીખવવા માટે, દરેક દ્વારા કાર્યક્રમના અંતે કેટલાક વ્યવહારૂ પ્રયોગો કરવામાં આવ્યા હતા અને મૌનમાં તલ્લીન થઈને, ગહન ચિંતન કરી, ભાવાર્થમાં ઊંડા ઉતરવામાં મદદ કરીને તાજગીપૂર્ણરીતે કાયાકલ્પ થઈને બહાર આવવા માટે અને પ્રશિક્ષકના કાર્યના ઉદ્દેશમાં રહેલી દ્રઢ ગંભીરતા સમજાવવા માટે વ્હિસ્પર્સમાંથી બાબુજી મહારાજના સંદેશાઓ અને ગુરુજીનાં વક્તવ્યો બતાવવામાં આવ્યા હતા.

## પ્રશિક્ષકનો સેમિનાર, ત્રિચિ

21થી 25 જાન્યુઆરી સુધી ત્રિચિ આશ્રમમાં પ્રશિક્ષકોનો સેમિનાર રાખવામાં આવ્યો હતો જેનું સંચાલન ભાઈ સંતોષ શ્રીનિવાસને કર્યું હતું. ત્યાં રહીને કરવાના આ સેમિનારમાં ભારતમાંથી ત્રેસઠ અને થોડા દરિયાપારના પ્રશિક્ષકોએ હાજરી આપી હતી. આ પ્રસંગના દરેક પાસામાં ગુરુજીનો સમાવેશ રહ્યો હતો. આ સેમિનારનો મુખ્ય હેતુ પ્રશિક્ષક માટે તેના પોતાના દ્રઢ પાયાનું નિર્માણ કરવા માટે તેની ભૂમિકા વિગતવાર જણાવવાનો અને તેના ભરોસે રહેલા અભ્યાસીઓ ઉપરાંત પ્રશિક્ષકનું વલણ અને અભ્યાસીઓની સાધનાનો હતો.

22મી જાન્યુઆરીએ, ગુરુજી આવ્યા હતા અને સેમિનાર તેના મુકરર સમય પ્રમાણે ભાષણ, આત્મ–નિરીક્ષણ, સમૂહ ચર્ચાઓ, ભૂમિકાઓ સહિત આગળ વધતો રહ્યો હતો અને તે જ રીતે ગુંજી ઉઠે તેવી પ્રવૃત્તિઓ સહિત આત્મ–નિરીક્ષણ માટે સમય, સાધના અને સત્સંગ માટે સમય ફાળવવામાં આવ્યો હતો. 23મીએ ગુરુજીએ સત્સંગ કરાવ્યો હતો અને પ્રશિક્ષકો કેવા હોવા જોઈએ તે બાબતમાં ભાગ લેનારાઓને વક્તવ્ય આપ્યું હતું. દરરોજની શરૂઆત સત્સંગથી થતી હતી અને 24મીએ સીટીંગ આપતી વખતે ગુરુજી સાથે કડી કેવી રીતે જોડવી તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

25મીએ ભાઈ કમલેશ પટેલે સત્સંગ કરાવ્યો હતો અને પ્રશિક્ષકના કાર્યનાં વિવિધ પાસાંઓ પર બોલ્યા હતા. ભાઈ ક્રિષ્નાએ તે સાંજે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે તમે સહજ માર્ગને કેટલું સાચી રીતે સમજ્યા છો. તે પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સેમીનારનું સમાપન 26મીએ ગુરુજીએ સત્સંગ કરાવ્યા પછી આપેલા તેમના વક્તવ્ય સહિત થયું હતું ભાગ લેનારાઓ દરરોજનો તેમનો સાંજનો સમય ગુરુજી સાથે ગાળતા હતા અને સાંજનું ભોજન જાનકી ફાર્મ પર લેતા હતા. સેમિનારથી વ્યક્તિનો અનુભવ વધારે ગાઢ થયો હતો અને તેમને લીધેલું કાર્ય મનમાં નિશ્ચિત કરીને અને તેમને આપવામાં આવેલી દોરવણી સહિત નવેસરથી જુસ્સા સાથે પાછા ગયા હતા.





# યુવાઓ ની પ્રવૃત્તિઓ

## નચીપલ્લચમ આશ્રમ, કોઈમ્બતૂર



29મી અને 30મી ડિસેમ્બરના રોજ, કોઈમ્બતૂરના નચીપલ્લચમ આશ્રમમાં આયોજન કરેલ આ કાર્યક્રમમાં કોઈમ્બતૂર, પોલાચી અને પલાનીના 30 યુવાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સત્સંગ સાથે કરવામાં આવી હતી અને ત્યારબાદ સંકોચ દૂર કરતો કાર્યક્રમ રાખી અને ભાગ લેનારાઓને એકબીજાને જાણવાની(ઓળખવાની) તક આપી હતી. લક્ષ્ય, જગત પ્રત્યેનો દ્રષ્ટિકોણ, સાધના તરફનું વલણ અને એકતા અને ભાઈચારા ઉપર આત્મનિરિક્ષણ અને પરસ્પર અસર કરતી સામૂહિક ચર્ચાના સત્રો હતા. ટીમ રચના માટેની રમતો અને ગીતો દ્વારા ભાગલેનારાઓને એક કુટુંબની જેમ જોડવામાં અને ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહિત કરવામાં મદદ કરી હતી.

'સેવા–આધ્યાત્મિક પ્રગતિની ચાવી' વિષય ઉપરનો કાર્યક્રમ ઝોનલ ઈનચાર્જ ભાઈ વિશ્વનાથ રાવ દ્વારા કરવામાં આવ્યો હતો. 'ક્રેસ્ટ' ઉપરનો કાર્યક્રમ, યુવાઓને ત્યાં યોજવામાં આવતા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રેરવા માટે હતો. બીજા દિવસના કાર્યક્રમમાં દિવ્ય જગતમાંથી બાબુજીના સંદેશાઓ, ગુરુજીની વાર્તાઓ અને યુવાઓ માટે પ્રેરક વિડિયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## યુથ સેમિનાર, પનવેલ આશ્રમ, મુંબઈ

મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાંથી 26 અને 27મી જાન્યુઆરીના રોજ પનવેલ આશ્રમ, મુંબઈ ખાતે, 100 કરતાં વધારે યુવાનો આવ્યા હતા. 'ગુરુજીના સ્વપ્ન તરફ આગળ વધવા સાથે મળીને કામ કરવું' એ વિષય હતો અને ગુરુજીની 'સ્વપ્નશીલ બનો' વાર્તાથી પ્રેરણા પામેલા યુવાનોએ સાથે મળીને સુમેળ સાથે કાર્ય કરવાની જરૂરિયાત અનુભવી હતી.

જ્યારે સાથે કામ કરતાં હોઈએ ત્યારે ઉચ્ચ ગુણવત્તા દર્શાવતી, અસ્તિત્વને ટકાવનારી નાસા જેવી પ્રવૃત્તિઓ જરૂરી છે. એ યુવાઓ કે જેમણે ક્રેસ્ટના કાર્યક્રમોમાં હાજરી આપી હતી અને રીટ્રીટ કેન્દ્રોમાં રહ્યા હતા, તેઓએ તેમના અનુભવો જણાવ્યા હતા અને બીજાઓને આવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે ઉત્સાહિત કર્યા હતા.

## બેંગ્લોર

18થી 20 જાન્યુઆરીના રોજ, 82 યુવાનો માટે ક્રેસ્ટ, બેંગ્લોર યજમાન હતું. યુવાઓ આમાં ના ઘણા બેંગ્લોરથી હતા કે જેઓ ક્રેસ્ટમાં પહેલી વખત આવ્યા હતા. સવારના 4–15 થી રાત્રિના 10.00 વાગ્યા સુધી, ક્રેસ્ટનું સમયપત્રક ભાગલેનારાઓને પ્રવૃત્ત રાખતું હતું.

'પોતાના પર કાર્ય કરો, પોતાના દ્વારા, પોતાનામાં પરિવર્તન લાવો' (ભાઈ ગોપાલન), 'અબંત કાર્યક્ષમનાં બીજ' (ભાઈ ભદ્રેશ) અને '500 ઘેટાં કરતાં, એક સિંહ સારો' (ભાઈ ક્રિશ્નમૂર્તી) એ વિષયો ઉપરની વાર્તાઓએ ભાગલેનારાઓ પ્રેરિત કર્યા અને વિચારવા માટે પૂરતો ખોરાક આપ્યો.

માટીના નમૂના બનાવવાની અને ફોટોગ્રાફી જેવી પ્રવૃત્તિઓએ, તેઓને તેમના સર્જનાત્મક વિચારો રજૂ કરવા અને નવા દ્રષ્ટિકોણ સાથે તેઓની આસપાસ જોતા કર્યા. ટીમવર્ક અને સર્જનાત્મક દ્રશ્ય જોવા મળ્યાં.

પુસ્તકાલયના સમય દરમિયાન દરેક ગ્રુપને એક પુસ્તક આપવામાં આવ્યું હતું કે જેને ગુરુજીએ વિવિધ પ્રસંગો ઉપર સૂચવ્યાં હતાં. દરેક જૂથે તેને અનુસરીને ચર્ચા કરવાની હતી અને બપોર પછીના બીજા સત્રમાં તેની રજૂઆત કરવાની હતી.

દસ જૂથોએ તેમના પુસ્તકના સત્વની અલગ અલગ રીતે રજૂઆત કરી. તેમના ઉત્સાહ અને ઉત્કટ સમૂહ કાર્યને જોવું ખૂબ જ સારું હતું. ભાગલેનારાઓ તેમને મળેલી તક માટે આભારી હતા અને તેઓ તેને ભરપૂર રીતે ઉપયોગમાં લેવાની આશા રાખતા હતા.

## અડાલજ યોગાશ્રમ, અમદાવાદ

6 જાન્યુઆરી, 2013 ના રોજ, વિવિધ સંસ્થાઓમાંથી 40 વર્ષથી નીચેના યુવાઓ માટે 'ધ્યાન દ્વારા જીવનમાં સંતુલિત અસ્તિત્વ' વિષય ઉપર એક





સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ બે કલાકના આ સામૂહિક ચર્ચા અને સહજ માર્ગ પધ્ધતિની જાણકારી આપતા કાર્યક્રમનું સંચાલન, ભાઈ જીજ્ઞેશ શેલત દ્વારા કરવામાં આવ્યું હતું. તેનું પરિણામ અદ્દભૂત હતું અને આ રીતે દર ત્રણ મહિને ઓપન હાઉસનું આયોજન કરવા માટે આયોજકો પ્રોત્સાહિત થયા હતા.

## યુવા કાર્યક્રમ, અહમદનગર




30મી ડિસેમ્બર, 2012ના રોજ અહમદનગર કેન્દ્ર દ્વારા 'સતત સ્મરણ' વિષય ઉપર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભજન અને કવિતા ગુરુજી પ્રત્યેનો પ્રેમ દર્શાવતા હતાં. ભાઈ કુલકર્ણીએ 2012 દરમિયાનની કેન્દ્રની પ્રવૃત્તિઓની માહિતિ આપી હતી. આ પછી બાબુજીના શિક્ષણને સમજવા માટે અને સંસ્થાનું સાહિત્ય વાંચવા અભ્યાસીઓને ઉત્સાહિત કરવા માટે 'ઋતવાણી' પુસ્તક અર આધારિત પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભાઈઓ, બહેનો અને બાળકોને ત્રણ સમૂહોમાં પરસ્પર અસર કરતો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો, જેથી તેમને એકબીજાને જાણવા માટે અને ભાઈચારાના વિકાસ માટે મદદ મળી. કાર્યક્રમના અંતે 'સતત સ્મરણ' વિષય ઉપર નાટિકા હતી અને ત્યાર બાદ આવતા નવા વર્ષની ઉજવણી માટે કેક કાપવામાં આવી.

## વડોદરા

વડોદરા કેન્દ્રના યુવાઓએ પ્રજાસત્તાક દિવસની ઉજવણી, આશ્રમ પરિસરમાં વિવિધ કુમળાં ઝાડ રોપીને કરી. જો આપણે તેને માન આપવાનું અને આપણા પ્રેમ સાથે તેને ઉછેરવાનું શીખીએ, તો પ્રકૃતિ ખરેખર આપણો શ્રેષ્ઠ મિત્ર છે.



## પ્રશિક્ષક સેમિનાર–શાહજહાનપુર

ડિસેમ્બરના છેલ્લા સપ્તાહમાં, શાહજહાનપુર આશ્રમમાં આયોજીત સેમિનારમાં 38 પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો. તેની શરૂઆત 'ગ્રાઉન્ડીંગ ઈન પ્રેક્ટિસ' કાર્યક્રમથી કરવામાં આવી હતી. બીજા દિવસે ભાગલેનારાઓને પાંચ જૂથમાં વહેંચવામાં આવ્યા હતા અને ચર્ચા કરવા માટે વિવિધ વિષયો આપવામાં આવ્યા હતા. અર્થાત :

- રોલ મોડેલ તરીકે કેવી રીતે સેવા કરવી.
- કેન્દ્રના વિવિધ ક્ષેત્રમાં પોતાનું અંગત મૂલ્યાંકન કેવી રીતે વિકસાવવું.
- ગુરુજી સાથેના ઊંડા જોડાણ માટે અભ્યાસીઓને કેવી રીતે પ્રોત્સાહિત અને પ્રેરિત કરવા.
- કેવી રીતે સક્રિય અને પર્યાપ્ત, પ્રોત્સાહિત સ્વયંસેવકોને ભેગા કરવા અને તેમની વચ્ચે ભાઈચારો અને સુમેળ પણ સ્થાપવો.
- કેન્દ્રના આધ્યાત્મિક વિકાસ માટે હેતુલક્ષી યોજના વિકસાવવી.

ચર્ચામાં અને અનુભવો અને વિચારો વહેંચ્યા પછી બધા જ ભાગલેનારાઓએ પોતાના કેન્દ્રોની ખામીઓ સ્વીકારી અને સારા પરિણામો લાવવાનો નિર્ણય કર્યો. આ સમગ્ર સેમિનાર આંખ ખોલનારો, ખૂબ સારી રીતે આયોજીત કરેલો હતો સેમિનારમાં ભાગલેનારાઓના આંતરિક આનંદથી પ્રકાશિત ચહેરાઓ, આની પૂરતી સાબિતિ આપતા હતા.

## નવી નિમણૂંકો

### સેન્ટર ઈનચાર્જ

પતીયાલા, પંજાબ – ભાઈ અનિલ વશિષ્ઠ
નવસારી, ગુજરાત – ભાઈ નિતિન નારનદાસ હરિયાની
રાજકોટ, ગુજરાત – ભાઈ સતિષ બલવંતરાય મહેતા
વાપી, ગુજરાત – ભાઈ પ્રકાશ દયારામ પટેલ
ત્રિપ્રયાર,કેરાલા – ભાઈ એસ. જયકુમાર
વારાણસી, યુ.પી – બહેન માયા સિંઘ
વિશાખાપટ્ટનમ, એ.પી. – ભાઈ કોલ્ચીના સપ્તમુખુલુ
લખનૌ, યુ.પી. – બહેન પ્રીયદર્શીની સક્સેના

### ઝોન ઈન્ચાર્જ

ઓરિસ્સા – ભાઈ ગંધર્વ બેહેરા
પશ્ચિમ મહારાષ્ટ્ર અને ગોવા – ડો. સુભાષ વૈદ્ય
સેન્ટ્રલ મહારાષ્ટ્ર – ભાઈ અરુણકુમાર ચૌહાણ
વિદર્ભ મહારાષ્ટ્ર – ભાઈ રાજેન્દ્ર રેથીનમ
મધ્ય પ્રદેશ(પશ્ચિમ) – ભાઈ પ્રભાકર દાસ
મધ્ય પ્રદેશ(પૂર્વ) – મેજર જનરલ એ. એન.મુદ્રે

લખનૌ આશ્રમ મેનેજર – ભાઈ ઓમ પ્રકાશ ગુલિયા
મેનેજર, માલમપુઝા રીટ્રીટ સેન્ટર – ભાઈ ચન્દ્રશેખરન નાયર

# અલ્વર આશ્રમ, રાજસ્થાન

## પ્રકાશનું કેન્દ્ર









"તમારે તમારો વ્યવહાર ગુરુજીના જેવો કરવા માટે સખત પ્રયત્ન કરવો જોઈએ. જો તેઓ વિનમ્ર છે, તો તમારે વિનમ્ર બનવા માટે પ્રયત્ન કરવો જોઈએ અને આદત દ્વારા, તે વિનમ્રતામાં પરિણમે છે. જે વ્યક્તિની તમે પ્રશંસા કરો છો અને ખૂબ જ પ્રેમ કરો છો, તેની સાથે સ્પર્ધા કરવાથી તમે તમારા ચારિત્ર્યમાં પરિવર્તન લાવવા માટે સક્ષમ બનો છો."

(પી.રાજગોપાલાચારી, 4થી મે, 1990, પ્રશિક્ષક સેમિનાર, સર્સીકા)

અલ્વર, રાજસ્થાનનું સિંહદ્વાર, આકર્ષક અરવલ્લી પર્વતોમાં આવેલું છે. તે દિલ્હીની દક્ષિણે 160 કિ.મી. અને જયપુરની ઉત્તરે 150 કિ.મી. ના અંતરે આવેલું છે. અલ્વર તેના ભવ્ય આધ્યાત્મિક વારસા માટે જાણીતું છે. જ્યારે ભાઈ ગોકુલ ગોસ્વામી સ્થળાંતર કરીને અહીં આવ્યા, ત્યારે 1989માં અલ્વર કેન્દ્ર અસ્તિત્વમાં આવ્યું. ત્યારબાદ ભાઈ જે.પી. દુબે અને તેમનાં પત્ની અભ્યાસી બન્યા હતાં. થોડા વર્ષો સુધી ભાઈ દુબેના ઘરમાં સત્સંગ કરવામાં આવતો હતો. ઓક્ટોબર 1996માં ભાઈ દુબે પ્રશિક્ષક બન્યા હતા. જેવો અભ્યાસીઓની સંખ્યામાં વધારો થવાની શરૂઆત થઈ, રવિવારનો સત્સંગ શાળામાં ખસેડવામાં આવ્યો હતો.

રાજસ્થાનના રાજ્ય ધોરીમાર્ગ ઉપર સંપૂર્ણ વિકસીત આંબેડકરનગર નામની રહેઠાણ માટેની કોલોનીમાં આ આશ્રમ આવેલો છે. તે શહેરના પૂર્વે રેલ્વે સ્ટેશનથી 0.4 કિ.મી. અને બસ સ્ટેશનથી 0.6કિ.મી. ના અંતરે છે.

3થી5 મે. 1990માં સાર્સીકા પેલેસ હોટલમાં રાખવામાં આવેલા પહેલા આંતરરાષ્ટ્રિય પ્રશિક્ષક સેમિનારમાં ભાગ લેવા માટે ગુરુજીએ અલ્વર કેન્દ્રની સૌ પ્રથમ મુલાકાત લીધી હતી. બીજો પ્રસંગ 19–20 ઓક્ટોબર, 1999માં જ્યારે રાજ્યકક્ષાનો ઉત્સવ રાખવામાં આવ્યો તે હતો, તેમની મુલાકાતોથી કેન્દ્રનો વિકાસ થયો અને અત્યારે અલ્વરમાં લગભગ 300 નિયમિત અભ્યાસીઓ છે.

2051 ચોરસ મીટર જગ્યા રાજ્ય સરકાર તરફથી યુ.આઈ.ટી (અલ્વર)દ્વારા 99 વર્ષના ભાડા પેઢે ફાળવવામાં આવી હતી. 1લી નવેમ્બર, 2007ના રોજ SRCMના સેક્રેટરી, ભાઈ ઉમાશંકર દ્વારા ભાડાચિઠ્ઠીની નોંધણી કરવામાં આવી હતી.

28 જાન્યુઆરી, 2010ના રોજ ગુરુજી ઉદ્ઘાટન પથ્થરનું અનાવરણ દૂર કર્યું હતું અને લગભગ 500 અભ્યાસીઓ કે જેઓ ઉદ્ ઘાટન માટે આવ્યા હતા તેમને સત્સંગ કરાવ્યો હતો. આ પછી અહીં ઘણા પ્રસંગો પ્રેમ અને ભક્તિ સાથે ફક્ત અલ્વરના જ અભ્યાસીઓ દ્વારા નહીં પણ નજીકનાં કેન્દ્રો જેવાં કે રાજગર, ખૈરથાલ, કોટપુટલી, બંદીકુઈ, મહવા અને પીલવાના અભ્યાસીઓ દ્વારા પણ ઉજવવામાં આવ્યા.

હાલ ચારે તરફની હદે દિવાલ બાંધવામાં આવી છે, 26'X76' જગ્યા, ધ્યાનકક્ષ તરીકે ઉપયોગમાં લેવાય છે, ધ્યાનકક્ષની બાજુમાં ગુરુજીની ઓફિસ, રસોઈ ઘર, વ્યવસ્થાપકોના ઓરડાઓ, શૌચાલયો, બાથરુમ, બોરવેલ અને 2 એચ.પી નો સબમર્સીબલ પંપ, બધું જ થઈ ગયું છે. આશ્રમ પરિસરની અંદર અને બહારની બાજુએ સુંદર ફૂલ–છોડ અને વૃક્ષો સાથે સુંદર લોન વિકસાવવામાં આવી છે, જે આકર્ષક કુદરતી દ્રશ્ય બનાવે છે. ભવિષ્યમાં 50'X70'(3500 ચોફુટ)ના ધ્યાનકક્ષનું બાંધકામ કરવાનું નક્કી થયું છે.

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2013 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.